## સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા વર્ષ ૨૦૧૯-૨૦ના વેઇટીંગ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે ઓનલાઇન શાળા પસંદગી અંગેની સૂચનાઓ

- શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૧૯ના જાહેરનામાની જોગવાઈઓ મુજબ તા.૦૭/૧૧/૨૦૨૦ના રોજ વેઈટીંગ લિસ્ટ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.
- સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા અન્વયે વિષયવાર, કેટેગરીવાર ઉપલબ્ધ ખાલી જગ્યાઓ અને ઉપલબ્ધ ઉમેદવારોના આધારે કાર્યરત વેઇટિંગ લિસ્ટ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.આ ઉપલબ્ધ ઉમેદવારો દ્વારા અપાયેલ જિલ્લા પસંદગી તથા મેરીટના આધારે ઉમેદવારોને તેઓની પસંદગીનો જિલ્લો ફળવાયેલ છે જેની વિગતો તા.૦૪/૧૨/૨૦૨૦ના રોજ વેબસાઈટ www.gserc.in પર મુકવામાં આવેલ છે.તેમજ સંબંધિત ઉમેદવારોને આ અંગેની SMS થી જાણ કરેલ છે.
- જિલ્લા પસંદગી આપેલ ઉમેદવારોએ તેઓને ફાળવવામાં આવેલ શાળાઓની ઓનલાઈન શાળા પસંદગી આપવાની રહેશે.
- વેઇટિંગ લિસ્ટના ઉમેદવારો પૈકી જે ઉમેદવારોએ ઓનલાઇન જિલ્લા પસંદગી આપેલ નથી તેવા ઉમેદવારોની યાદી અલગથી મુકવામાં આવેલ છે.મૂળ જાહેરાત-૨૦૧૯ માં સુચવ્યા મુજબ ઓનલાઇન જિલ્લા પસંદગી ન આપનાર ઉમેદવારો ભરતી પ્રક્રીયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રક્રીયામાંથી બાકાત કરવામાં આવેલ છે જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.
- જિલ્લા ફાળવણી થયેલ ઉમેદવારોએ તા.૦૪/૧૨/૨૦૨૦ના રોજ બપોરના ૧૩.૦૦ કલાકથી તા.૦૫/૧૨/૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ કલાક દરમ્યાન વેબસાઈટ પર પોતાની ઓનલાઈન શાળા પસંદગી આપી શકશે.
- જે ઉમેદવારોને જિલ્લા ફાળવણી થયેલ છે તે ઉમેદવારોએ ફરજિયાત પણે જે તે જિલ્લાની શાળાઓની ઓનલાઇન શાળા પસંદગી આપવાની રહેશે.
- ઓનલાઈન શાળા પસંદગી ન આપનાર ઉમેદવાર ભરતી પ્રક્રિયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રક્રિયામાંથી બાકાત કરવામાં આવશે. જેની સંબંધિતો ખાસ નોંધ લેવી.
- ઓનલાઈન શાળા પસંદગી આપવા માટે, ..................................
    - ઓનલાઇન શાળા પસંદગી માટે ઉમેદવારો જે રીતે ઓનલાઇન જિલ્લા પસંદગી માટે લોગઇન થયા હતા તે જ રીતે લોગઇન થવાનુ રહેશે.
    - ઉમેદવાર વેબસાઈટ www.gserc.inપર જઈ Apply for Higher SecondaryGovernment વિકલ્પ ક્લિક કરવાનો રહેશે.
    - જે ક્લિક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ અને ફિક્સ Captcha Code નાખી લોગઈન થવાનું રહેશે.
    - લોગઈન થતાં ઉમેદવારના ઓનલાઈન અરજીફોર્મમાં રજિસ્ટર્ડ મોબાઈલ પર OTP આવશે. જે OTP એન્ટર કરતાં સ્ક્રીન પર ઉમેદવારને મેરીટના આધારે ફળવાયેલ જિલ્લામાં ઉમેદવારના વિષયની જે શાળાઓમાં ખાલી જગ્યાઓ ઉપલબ્ધ હશે તેવી તમામ શાળાઓના નામ ઉમેદવારને સ્ક્રીન જોવા મળશે. દા.ત. ઉમેદવારનો વિષય અંગ્રેજી હોય અને ઉમેદવારને મેરીટના આધારે બનાસકાંઠા જિલ્લો ફળવાયેલ હોય તો આ ઉમેદવારને બનાસકાંઠા જિલ્લામાં જે જે શાળામાં અંગ્રેજી વિષયની ખાલી જગ્યા હોય તેવી તમામ શાળાઓના નામ ઉમેદવારની સ્ક્રીન પર દેખાશે. આ તમામ શાળાઓને ક્લીક કરી ઉમેદવારે પોતાના પસંદગીના ક્રમમાં ગોઠવવાની રહેશે.
    - ઓનલાઈન શાળા પસંદગી આપતી વખતે ઉમેદવારે તેઓ માટે ઉપલબ્ધ તમામ શાળાઓને પોતાની પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે, એટલે કે ૧૦૦% શાળા પસંદગી આપશો તો જ ઓનલાઈન શાળા પસંદગી સબમીટ થશે. અન્યથા આપની ઓનલાઈન શાળા પસંદગી સ્વીકૃત બનશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
    - ઉમેદવારો પોતાની શાળા પસંદગીમાં શાળા પસંદગી આપવાની છેલ્લી તા.૦૫/૧૨/૨૦૨૦ના રોજ સવારના ૧૧.૫૯ કલાક સુધી ફેરફાર કરી શકશો. પરંતુ તા.૦૫/૧૨/૨૦૨૦ના રોજ સવારના ૧૧.૫૯ કલાકે આપે જે શાળા પસંદગી આપેલ હશે તેને અંતિમ માની સોફ્ટવેર ઓટો સબમીટ આપી દેશે અને તદનુસાર આપના મેરીટ મુજબ આપને સોફ્ટવેર ઓનલાઈન શાળા ફાળવણી કરવામાં આવશે.
    - **શાળા ફાળવણી બાદ જે તે શાળામાં નિમણૂક આપવા અંગે તથા નિમણૂકની શરતો અંગે આગામી અલગથી માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવશે.**
    - ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપ સહુનુ શિક્ષણ વિભાગમાં સ્વાગત કરે છે અને આપસૌને શિક્ષણ વિભાગના સનિષ્ઠ કર્મયોગી બનવા અંગે શુભકામનાઓ પાઠવે છે.